# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




**ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ નિવારવા આણંદ મ્યુનિ. કમિશનર ‘એક્શન મોડ’માં આવ્યાં**

# આણંદ શહેરમાં ચોમાસાના ટાણે તળાવોના પાણી સોસાયટીમાં ન ઘુસે તે માટે કવાયત

**ભારે વરસાદમાં પણ** હાલાકી ન પડે તે માટે અધિકારીઓને કડક સૂચના અપાઇ

**નીચાણવાળા** વિસ્તારોની સફાઈ અને તળાવોના ઓવરફ્લો અટકાવવા માઇક્રો પ્લાનિંગ



(પ્રતિનિધિ) આણંદ તા.૩૦

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવા કે પૂર જેવી સ્થિતિ ન સર્જાય તે માટે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. મહાનગરપાલિકાના કમિશનર આર. એન. ડોડીયાએ આજે પ્રિમોન્સૂન કામગીરીની સમીક્ષા કરવા માટે ખુદ મેદાનમાં ઉતરી ‘એક્શન મોડ’ અપનાવ્યો હતો.

કરમસદ - આણંદ મ્યુનિસિપલ કમિશનર આર. એન. ડોડીયા અને નાયબ મ્યુનિસિપલ કમિશનર એસ. કે. ગરવાલે સંયુક્તપણે શહેરના વિવિધ મહત્વના જળાશયોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કમિશનર દ્વારા ગોયા તળાવ, કનોળ તળાવ, અખંડ ભારત ઉદ્યાન લેક, મોગરીનું દિવ્ય તળાવ, અને જીટોડીયા મહાદેવ મંદિર પાસેના તળાવ સહિતના સ્થળોએ ચાલી રહેલી કામગીરીની બારીકાઈથી તપાસ કરવામાં આવી હતી.

આ સમયે નાયબ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કમિશનરને અત્યાર સુધી થયેલી કામગીરીથી વાકેફ કરવામાં આવ્યા હતા. કમિશનરે તાકીદ કરી હતી કે, ભારે વરસાદના કિસ્સામાં પણ તળાવો ઓવરફ્લો ન થાય અને નાગરિકોને વરસાદી પાણીને કારણે કોઈ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવું. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો, જ્યાં પાણી ભરાવાની સમસ્યા વધુ રહે છે, ત્યાં વ્યવસ્થિત સફાઈ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

### કમિશનરના મહત્વના આદેશો

- પાણીના નિકાલની વ્યવસ્થા: તળાવો ઓવરફ્લો ન થાય તે માટે અગાઉથી આયોજન કરવું.
- સફાઈ અભિયાન: નીચાણવાળા વિસ્તારોમાં જમા થતા કચરાનો ત્વરિત નિકાલ કરવો.
- જનજાગૃતિ: ગમે ત્યાં કચરો નાખતા નાગરિકોને રોકવા માટે જરૂરી સાઈનબોર્ડ લગાવવા.
- ઝીરો ટોલરન્સ: નાગરિકોની સુવિધામાં કોઈ પણ કચાશ સાંખી લેવામાં આવશે નહીં.

### કચરાના નિકાલ માટે સાઈનબોર્ડ મુકાશે

આણંદ શહેરમાં અનેક જગ્યાએ નાગરિકો દ્વારા જાહેરમાં કચરો નાખવામાં આવતો હોવાથી ડ્રેનેજ લાઈનો બ્લોક થવાની ભીતિ રહે છે. આ બાબતને ગંભીરતાથી લઈ કમિશનર શ્રીએ સૂચના આપી છે કે જ્યાં કચરો વધુ નંખાતો હોય તેવી જગ્યાઓએ સાઈનબોર્ડ મૂકવા, જેથી પાણીના કુદરતી વહેણમાં અવરોધ ન આવે. આમ, ચોમાસા પૂર્વે આણંદ મહાનગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને શહેરને જળબંબાકારની સમસ્યામાંથી બચાવવા કવાયત તેજ કરવામાં આવી છે.

**મહુધાના નિઝામપુરમાં તમાકુના કૌભાંડ પર ત્રાટકી જીએસટીની ટીમ**

# મહુધામાં GST અધિકારીઓને કચડી નાખવાનો પ્રયાસ કરાયો

**વાર્ષિક રૂ. ૧૦ થી ૧૫** કરોડના ટર્નઓવરમાં મોટા પાયે કરચોરીનું નેટવર્ક ઝડપાયું



(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

મહુધા તાલુકાના નિઝામપુરમાં વડોદરા જીએસટી વિભાગની ટીમે ઓચિંતો છાપો મારીને તમાકુની ગુણો ભરેલી ત્રણ આઈસર ટ્રક ઝડપી પાડી છે. આ કાર્યવાહી દરમિયાન બે શંકાસ્પદ ટ્રક ચાલકોએ ફિલ્મી ઢબે અધિકારીઓ પર વાહન ચઢાવવાનો પ્રયાસ કરી નાસી છૂટવામાં સફળતા મેળવી હતી, જેને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

જીએસટી વિભાગને મળેલી ગુપ્ત બાતમીના આધારે હાથ ધરાયેલા ચેકિંગમાં સામે આવ્યું છે કે, સ્થાનિક દલાલો ખેડૂતોની આર્થિક મજબૂરીનો ફાયદો ઉઠાવી અત્યંત સસ્તા ભાવે તમાકુ ખરીદે છે. આ દલાલો વાર્ષિક રૂ. 10 થી 15 કરોડનું મસમોટું ટર્નઓવર કરતા હોવા છતાં, માત્ર 25 ટકા માલનું જ જીએસટી બિલ બનાવી બાકીનો જથ્થો બારોબાર વેચીને સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડે છે.

ચરોતર પંથકમાં દલાલોની આ નીતિથી સ્થાનિક ખેડૂતો પણ ભારે ત્રસ્ત છે અને આવા તત્વો સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. હાલમાં જીએસટી વિભાગે ત્રણ ટ્રક કબજે કરી તપાસ માટે વડોદરા ખસેડી છે. આગામી દિવસોમાં આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે કવાયત તેજ કરવામાં આવી છે, જેમાં અનેક ‘મોટા માથા’ના નામ ખુલે તેવી પૂરી શક્યતા સેવાઈ રહી છે.

# નડિયાદમાં સારવાર માટેના ૪૦ હજાર રિક્ષા ગેંગે સેરવ્યા

**ઉલટી કરવાનું નાટક** કરી મુસાફરનું ધ્યાન ભટકાવ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૦

નડિયાદના સંતરામ મંદિર વિસ્તારમાં રિક્ષાચાલક અને તેના સાગરીતોએ મુસાફરના સ્વાંગમાં બેસીને યુવકની નજર ચૂકવી 40 હજારની ઉઠાંતરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

રાજસ્થાનના ચિત્તોડગઢના વતની અનીલ ઓમપ્રકાશ પીતલીયાની મોટી બહેનની કિડનીની સારવાર માટે નડિયાદની કિડની હોસ્પિટલમાં આવ્યા હતા. તારીખ 29મી ના રોજ અનીલભાઈ અને તેમના બનેવી સંતરામ મંદિરથી જમીને પરત ફરી રહ્યા હતા, ત્યારે સંતરામ લેબોરેટરી પાસે એક રિક્ષાચાલકે તેમને લાલચ આપી રિક્ષામાં બેસાડ્યા હતા. આ રિક્ષામાં અગાઉથી જ બે અજાણ્યા શખ્સો બેઠેલા હતા.

રિક્ષા ચાલુ થયા બાદ પાછળ બેઠેલા શખ્સોએ અનીલભાઈને ધક્કા મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન વચ્ચે બેઠેલા એક શખ્સે ઉલટી કરવાનું બહાનું કાઢી અનીલભાઈના ખિસ્સા પર દબાણ આપ્યું હતું અને નજર ચૂકવીને સારવાર માટેના 40 હજાર સેરવી લીધા હતા. બાદમાં અંજલિ હોસ્પિટલ પાસે રિક્ષા ઉભી રાખી, ભાડું લીધા વિના જ તેમને ઉતારી દેવામાં આવ્યા હતા. થોડે આગળ ગયા બાદ ખિસ્સું તપાસતા ચોરીની જાણ થઈ હતી. આ મામલે અનીલ પીતલીયાએ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા રિક્ષાચાલક અને તેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# જીકાસમાં બીજા રાઉન્ડ માટે છઠ્ઠી જૂન સુધી રજીસ્ટ્રેશન પ્રક્રિયા ચાલશે

**પ્રથમ રાઉન્ડમાં** આણંદ સહિત રાજ્યભરમાં 2.79 લાખ ફોર્મ સબમિટ થયા

(પ્રતિનિધિ) આણંદ તા. ૩૦

જીકાસ પોર્ટલમાં બીજા રાઉન્ડ માટે તારીખ 30 મેથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રથમ રાઉન્ડ પોર્ટલ સ્લો ચાલવા તેમજ અનેક ક્ષતીઓ રહેવા પામી હતી. અનેકવિધ મુશ્કેલીઓ છતાં પણ આણંદ સહિત રાજ્યભરમાંથી પ્રથમ રાઉન્ડમાં કુલ 2.79 લાખ ફોર્મ સબમિટ થયા છે. જીકાસ પોર્ટલમાં પ્રથમ રાઉન્ડના અંતિમ દિવસે વિદ્યાર્થીઓ માટે આફત સમાન સાબિત થયું હતુ. કારણ કે સર્વર ડાઉન થવાથી લોગિન ન થવાની સમસ્યા સામે આવી હતી. ટેક્નિકલ ધાંધિયાના કારણે આ વર્ષે રજિસ્ટ્રેશનનો આંકડો નીચો રહ્યો છે. કુલ 3,57,233 વિદ્યાર્થીઓએ એડમિશન માટે અરજી કરી હતી અને તેમાં જુદી જુદી મુશ્કેલી અને સર્વરની ખામી સહિતના પ્રશ્નો નડતા 2,78,423 વિદ્યાર્થીઓના ફોર્મ સબમિટ થઈ શક્યા છે.

ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ જીકાસની સામે ભારે વિરોધ હોવા છતાં અગમ્ય કારણોસર સરકારે જીકાસથી જ પ્રવેશનો આગ્રહ રાખ્યો છે . આથી ફાયદો તો ગત વર્ષની જેમ ખાનગી કોલેજો અને યુનિવર્સિટીને થનાર છે. હવે તારીખ 30 મે થી બીજા રાઉન્ડ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરાઈ છે. આમ, વિદ્યાર્થીઓને વધુ એક તક મળી છે.

### પ્રથમ રાઉન્ડ દરમિયાન આ સમસ્યા રહી

- ફોર્મ સબમિટ કરતી વખતે કે લોગિન કરતી વખતે મોબાઈલ કે ઈ-મેલ પર ઓટીપી જનરેટ થવામાં વિલંબ.
- એક જ નંબર પર બીજી વાર ઓટીપી ન આવતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી.
- માર્કશીટ અને એલસી જેવા જરૂરી ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવા જતાં જ સ્ક્રીન પર ‘સર્વર એરર’ ફ્લેશ થવુ.
- કોર્સ અને કોલેજ પસંદ કરવાની પ્રક્રિયા દરમિયાન કોલેજોનું લિસ્ટ કે વિગતો સરખી દેખાવી નહીં.
- સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓ માટે કઈ યુનિવર્સિટીમાં કેટલી બેઠક ખાલી છે, તેની કોઈ સ્પષ્ટતા પોર્ટલ પર નહીં.
- પુરક પરીક્ષા આપનાર વિદ્યાર્થી માટે કઈ રીતે અરજીની પ્રક્રીયા શરૂ કરાશે તેનો કોઈ જવાબ જ નથી.

# બોરસદના ક્લિનિકમાં ડિગ્રી વગરનો ડોક્ટર ઝડપાયો

**નાપા તળપદમાં** પોલીસે દરોડો પાડી 3.16 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૩૦

બોરસદના નાપા તળપદ ગામમાં કોઈ પણ પ્રકારની મેડિકલ ડિગ્રી વગર દવાખાનું ચલાવી જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડા કરતા એક બોગસ ડોક્ટરને બોરસદ રૂરલ પોલીસે ઝડપી પાડ્યો છે.

બોરસદ રૂરલ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. ચૌધરીની સૂચના મુજબ ટીમ પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે નાપા તળપદમાં રામજી મંદિર પાસે આવેલા મિતલ વ્હોરા (બીએમએમએસ) નામનું દવાખાનું આરિફમોહમ્મદ અબ્દુલકાદર કાઝી (ઉં.વ. ૪૮) નામનો વ્યક્તિ કોઈ પણ ડિગ્રી વગર ચલાવે છે.

આ બાતમીના આધારે બોરસદના મેડિકલ ઓફિસર ડો. હર્ષલકુમાર મહેતાને સાથે રાખી ક્લિનિકમાં તપાસ કરતા આરિફમોહમ્મદ પાસે ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવા માટેની કોઈ પણ ડિગ્રી મળી આવી ન હતી. પોલીસે ઘટના સ્થળેથી આયુર્વેદિક અને એલોપેથિક દવાઓ તેમજ તબીબી પ્રેક્ટિસ માટેના સાધનો મળી કુલ રૂપિયા ૩,૧૬,૮૬૯/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બોરસદ રૂરલ પોલીસે આરિફમોહમ્મદ કાઝી ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### મહેમદાવાદ પાસે એસિડ ભરેલા ટેન્કરમાં ભીષણ આગ



મહેમદાવાદ અને નડિયાદને જોડતા હાઇવે પર ખાત્રજ ચોકડી નજીક શનિવારે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. એસિડ ભરેલા એક ઝડપી ટેન્કરના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટેન્કર રોડ પર પલટી ખાઈ ગયું હતું. આ ટેન્કર પલટી મારવાની સાથે જ તેમાં ભરેલા એસિડને કારણે મિનિટોમાં ભીષણ આગ ફાટી નીકળી હતી અને ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાયા હતા. આ અકસ્માત સમયે ટેન્કરની કેબિનમાં ફસાયેલા ચાલકે ભારે સમયસૂચકતા વાપરી હતી. તેણે તાત્કાલિક કેબિનનો કાચ તોડીને બહાર નીકળી જઈ પોતાનો જીવ બચાવ્યો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. આ ઘટનાની જાણ થતા જ નડિયાદ અને મહેમદાવાદની ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઇટરોએ બે વોટર કેનન દ્વારા સતત 10 હજાર લિટરથી વધુ પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટનામાં ટેન્કર અને એસિડ બળીને ખાખ થઈ જતાં લાખોનું નુકસાન થયું છે, પરંતુ સદનસીબે કોઈ માનવ મૃત્યુ નોંધાયું નથી.

# કેનેડામાંથી વિધિના પાર્થિવ દેહ વતન લાવવા રજૂઆત

**સાંસદ મિતેશ પટેલએ** વિદેશ મંત્રાલયને લેખિત રજૂઆત કરી

(પ્રતિનિધિ) બોરસદ તા.૩૦

બોરસદની આશાસ્પદ યુવતીનું કેનેડામાં અકાળે અવસાન થતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. દીકરીના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે વતન લાવવા માટે પરિવાર કાયદાકીય ગૂંચવણોમાં ફસાયો હતો, જેની જાણ થતા આણંદના સાંસદ મિતેશ પટેલે (બકાભાઈ)એ તાત્કાલિક ભારત સરકારના વિદેશ મંત્રાલયને લેખિત રજૂઆત કરી છે.

બોરસદની શિવમ સોસાયટીમાં રહેતા કલ્પેશકુમાર પૂનમભાઈની પુત્રી મેઘા વિધિ કલ્પેશકુમારનું ગત 14મી મે, 2026ના રોજ કેનેડાના નાયગ્રા રિજનમાં અવસાન થયું હતું. વિદેશની ધરતી પર દીકરીનું મોત થતા શોકતુર પરિવાર પર આવી પડેલી આ આફત વચ્ચે પાર્થિવ દેહને ભારત લાવવા માટે જટિલ પ્રક્રિયાઓનો સામનો કરવો પડી રહ્યો હતો.

આ બાબતની જાણ થતા જ સાંસદ મિતેશ પટેલે ટોરોન્ટો સ્થિત ભારતીય કોન્સ્યુલેટ જનરલ અને વિદેશ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓને પત્ર લખીને આ કેસને સર્વોચ્ચ અગ્રતા આપવા વિનંતી કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, શોકતુર પરિવાર અત્યંત પીડાદાયક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, તેથી તમામ જરૂરી દસ્તાવેજી કામગીરી, ક્લિયરન્સ અને કેનેડિયન સત્તાધીશો સાથે સંકલન સાધીને પાર્થિવ દેહને વહેલી તકે ભારત લાવવામાં આવે.

# બોરસદમાં એસ.ટી. બસની અડફેટે અમુલના કર્મીનું મોત

**રીક્ષાની ઓવરટેક** કરવાની લ્હાયમાં બસ ચાલકે રોંગ સાઇડમાં વાહન હંકારી અકસ્માત સર્જ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.૩૦

બોરસદ શહેરના ભાદરણ રોડ પર શનિવારની વહેલી સવારે પૂરપાટ ઝડપે જતી એસ.ટી. બસના ચાલકે ગફલતભરી રીતે ઓવરટેક કરવા જતાં સામેથી આવતા બાઈક સવાર યુવકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકનું કરુણ મોત નીપજ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બોરસદના બદલપુર સીમ વિસ્તારમાં રહેતા ૩૪ વર્ષીય ધર્મેન્દ્રસિંહ સોમાભાઇ ડાભી છેલ્લા ૧૨ વર્ષથી આણંદ અમુલમાં છૂટક રોજગાર તરીકે ફરજ બજાવતા હતા. શનિવાર સવારે આશરે સવા છ વાગ્યે તેઓ પોતાની બાઈક લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. તેઓ બોરસદ-ભાદરણ રોડ પર જે.પી. ફર્નિચર સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી આવતી એસ.ટી. બસના ચાલકે તેની આગળ ચાલતી એક રીક્ષાને ઓવરટેક કરવા માટે પોતાની બસ પૂરપાટ ઝડપે રોંગ સાઈડમાં હંકારી મૂકી હતી. આ દરમિયાન બસે ધર્મેન્દ્રસિંહની બાઈકને સામેથી જોરદાર ટક્કર મારતા તેઓ રોડ પર પટકાયા હતા.

આ અકસ્માતમાં ધર્મેન્દ્રસિંહને માથા તેમજ મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. તેમની પાછળ જ બાઈક પર આવી રહેલા અમુલના અન્ય સાથી કર્મચારીઓએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેમને કરમસદ હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ અકસ્માત સર્જ્યા બાદ એસ.ટી. બસનો ચાલક વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. આ મામલે બોરસદ સીટી પોલીસે એસ.ટી. બસના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

# પોલીસની માનવતા : મહિલા આરોપીને જામીન મળતાં એમપી મૂકવા ગયાં

**નવજાત શિશુ સાથે** જેલમુક્ત થયેલી માતાને કોઈ લેવા ન આવતાં ખાખીમાં ધબકતી સંવેદના

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૩૦

નડિયાદ જિલ્લા જેલના સત્તાવાળાઓ અને ગુજરાત પોલીસે કાયદાના રક્ષક સાથે માનવતાના મસિહા બનીને એક અનન્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગરીબી અને લાચારીના કારણે જ્યારે એક જામીનમુક્ત થયેલી મહિલાને લેવા કોઈ સગા-સંબંધી ન આવ્યું, ત્યારે ખાખી વર્દીમાં ધબકતા હૃદયે તેને મધ્યપ્રદેશમાં તેના વતન સુધી સુરક્ષિત પહોંચાડીને પરિવાર સાથે મિલન કરાવ્યું છે.

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાની વતની આ મહિલા અને તેનો પરિવાર મજૂરી કામ માટે આણંદ જિલ્લામાં સ્થળાંતરિત થયો હતો. ખંભાત ખાતે નોંધાયેલા એક પોક્સો કેસમાં સહ-આરોપી તરીકે આ મહિલા જ્યારે બે વર્ષના બાળક સાથે નડિયાદ જેલમાં આવી ત્યારે તે સગર્ભા હતી. જેલવાસ દરમિયાન પ્રસુતિની પીડા ઉપડતા તેને હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં તેણે પુત્રને જન્મ આપ્યો હતો. નવજાત શિશુ અને બે વર્ષના બાળક સાથે તે ફરી જેલમાં પરત ફરી હતી.

અલબત્ત, સ્થાનિક અદાલતમાંથી મહિલાને જામીન તો મળી ગયા, પરંતુ તેને મુક્ત કરાવવા કોઈ આવ્યું નહીં. તેના પતિ અને દિયર પણ જેલમાં હતા અને પરિવાર અત્યંત ગરીબ હોવાથી કોઈ મદદ કરનાર નહોતું. આ સમયે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (આણંદ) અને નડિયાદ જેલના અધિકારીઓએ માનવીય સંવેદના દાખવી હતી.

ગુજરાત પોલીસ વડા ડો. કે.એલ. એન રાવના માર્ગદર્શન હેઠળ નડિયાદ જિલ્લા જેલ પોલીસે સેવાભાવી સંસ્થાની મદદથી વિશેષ વાહન અને બે કોન્સ્ટેબલોની વ્યવસ્થા કરી હતી. આ પોલીસ ટીમ મહિલાને તેના બંને બાળકો સાથે મધ્યપ્રદેશના અલીરાજપુર ખાતે તેના ઘરે મૂકવા ગઈ હતી. નવજાત શિશુ સાથે વતનમાં પહોંચતા જ મહિલા ભાવવિભોર થઈ ગઈ હતી અને ગુજરાત પોલીસના આ માનવીય અભિગમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225